ज्ञान शील एकता

अखिल भारतीय विद्यार्थी परिषद
AKHIL BHARATIYA VIDYARTHI PARISHAD
गुजरात प्रदेश

Regd. No. S-385/1949-50
प्रांत कार्यालय : श्रीलेखा भुवन, पालडी, कर्णावती-7. फोन : (079) 26587351, 26580577
Web site : www.abvp.org • E-mail : abvpgujaratprant@gmail.com

Ref. No.પ્રેસનોટ/શૈક્ષણિક/માર્ચ/06 Date :16/03/2025

# -:પ્રેસ નોટ:-

**ગુજરાતના વિધાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા RTE ની આવક મર્યાદામાં વધારાના નિર્ણયનું અભાવિપ ગુજરાત સ્વાગત કરે છે**

ગુજરાત સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન (આર.ટી.ઇ) હેઠળ પ્રવેશ માટેની આવક મર્યાદા વાર્ષિક 6 લાખ કરાતા હવે નવેસરથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ગતવર્ષે આવક મર્યાદા કરતા વધુ આવકને લીધે અરજી નકારવામાં આવી હોય તો તેવા વાલીઓ પણ ફરી 15 એપ્રિલ સુધી અરજી કરી શકશે. આરટીઈ હેઠળ પ્રવેશ માટે ઓનલાઇન ફ્રોર્મ ભરવાની છેલ્લી તારીખ 16 માર્ચ રાખવામાં આવી હતી, પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. 1.20 લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. 1.50 લાખ આવક મર્યાદા હતી, જે શિક્ષણ વિભાગની મંજૂરી બાદ હવેથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર બંને માટે વાર્ષિક રૂ. 6 લાખ કરવામાં આવી છે.

આથી વાર્ષિક રૂ. 6 લાખ કે તેથી ઓછી આવક ધરાવતા વાલીઓ વેબસાઇટ પરથી 15 એપ્રિલ સુધીમાં ઓનલાઇન અરજી કરી શકશે. અન્ય કેટેગરી તથા અગાઉ કોઈ કારણસર અરજી ન કરી શકનારા અરજદારો પણ આ સમયગાળા દરમિયાન અરજી કરી શકશે. સમય સાથે લોકોની આવકમાં પણ વધારો થતો જણાઈ છે પરંતુ આવકના વધારા સાથે પરિવારના ખર્ચમાં વધારો થયો છે તે પણ નરી વાસ્તવિકતા છે, તેવા સમયે **RTE** હેઠળની આવક મર્યાદાની જોગવાઇમાં આશરે 4.50 લાખ જેટલો વધારાનો નિર્ણય આવકાર યોગ્ય છે. ગુજરાતના તમામ વર્ગના વિધાર્થીઓને સ્પર્શતા આ નિર્ણયનું અભાવિપ ગુજરાત સ્વાગત કરે છે તથા સરકારના શિક્ષણ વિભાગને આ નિર્ણય બદલ અભિનંદન પણ પાઠવે છે.

અભાવિપ ગુજરાત પ્રદેશ મંત્રી શ્રી સમર્થભાઈ ભટ્ટ જણાવે છે કે, "ગુજરાત સરકાર દ્વારા વિધાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને **RTE** હેઠળ પ્રવેશ ઇચ્છુક વિધાર્થીઓના વાલીની આવક મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય એ ખુબ દૂર દર્શી છે. વર્ષ 2010થી લાગુ થયેલ **RTE** એક્ટમાં આવક મર્યાદાની જોગવાઇમાં ગત 15 વર્ષમાં વધારો કરવામાં આવેલ ન હતો તેથી આ વધારો ખુબ જ આવશ્યક હતો. આવક મર્યાદામાં વધારા કરવાના નિર્ણયથી રાજ્યના વધુ પરિવારો સુધી મફત શિક્ષણ પોહચી શકશે, જે સાચા અર્થમાં શિક્ષણને સૌના અધિકાર તરીકે પ્રસ્થાપિત કરતો નિર્ણય સાબિત થશે."

---

**આ પ્રેસ નોટ અ.ભા.વિ.પ ગુજરાત પ્રદેશ કાર્યાલય મંત્રી નિલય કુલકર્ણી દ્વારા પ્રેસિત કરવામાં આવી છે.**